# મધમાખીએ રાજાનો જીવ બચાવ્યોવ



રામનગરમાં રાજા ચંદ્રોદયે એક વખત પોતાના પ્રધાનમંત્રીને બોલાવીને કહ્યું કે, સંસારમાં કયાં કયાં જીવજંતુઓ નિરુપયોગી છે તેની શોધ કરવામાં આવે. રાજાની આજ્ઞાનો સ્વીંકાર કરી પ્રધાનમંત્રીએ દિવસો સુધી તપાસ કરી. તપાસ બાદ પ્રધાનમંત્રીએ રાજાને કહ્યું કે કરોળિયો અને મધમાખી આ બે જીવજંતુ સંસારમાં બિલકુલ ઉપયોગી નથી. પ્રધાનમંત્રીનો જવાબ સાંભળી રાજા વિચારમાં પડી ગયા. એમણે વિચાર્યું કે માખી અને મધમાખીને ખતમ કરી નાખીએ તો કેવું? રાજા એ અંગેની હજુ સૂચના આપે એ પહેલાં જ રામનગર પર અન્ય શક્તિશાળી રાજાએ આક્રમણ કર્યું. જેમાં રાજા ચંદ્રોદયને હારનો સામનો કરવો પડયો. રાજાએ પોતાનો જીવ બચાવવા રાજપાટ છોડી જંગલ તરફ ભાગવું પડ્યું. શત્રુના સૈનિકો રાજાનો સતત પીછો કરતા રહ્યા. બહુ દોડધામને અંતે છેવટે રાજા પોતાનો જીવ બચાવવામાં સફળ થયા. તેઓ બહુ થાકી ગયા હોવાથી એક ઝાડ નીચે બેઠા  ભેગા સૂઇ ગયા. અચાનક એક મધમાખીએ રાજા ને નાક પર ડંખ માર્યો. રાજાની ઊંઘ ઊડી ગઇ. રાજાને લાગ્યુંી કે ખુલ્લાામાં આ રીતે સૂવું એ મારા માટે જોખમ ભરેલું છે. અને તેઓ નજીકની એક ગુફામાં જઇને સંતાઇ ગયા. થોડીવારમાં કરોળિયાએ ગુફાના દરવાજા ઉપર જાળું બનાવવાનું શરૂ કરી દીધું. બીજી બાજુ શત્રુના સૈનિકો રાજાને શોધી રહ્યા હતા. તેઓ રાજાને શોધતાં શોધતાં ગુફાની પાસે પહોંચ્યા. ગુફાના દ્વાર પાસે કરોળિયાનું જાળું જોઇને તેઓ અંદર અંદર વાતો કરવા લાગ્યાય, અહીં તો રાજા આવી જ ન શકે. ચલો ભાઇ, આગળ જઇને રાજાને શોધીએ. આ ગુફાની બહાર આટલું મોટું કરોળિયાનું જાળું હોવાથી રાજા આ ગુફાની અંદર જઇ જ ન શકે. એમ વાતો કરતાં કરતાં સૈનિકો આગળ વધી ગયા. ગુફામાં સંતાઇને બેઠેલો રાજા આ બધી વાતો સાંભળતો હતો. રાજાને પોતે કરેલા વિચાર પર બહુ પસ્તામવો થયો. રાજાએ અનુભવ્યું કે સંસારમાં કોઇપણ પ્રાણી કે વસ્તુત નકામી હોતી નથી. આજે જો આ મધમાખી ન હોત તો હું જીવતો ન બચ્યોા હોત.

સૌજન્ય : દિવ્ય ભાસ્ક ર સંકલન : મમતા શર્મા